==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

મદ્રાસ રાજ્ય અને અન્ય

વિરુદ્ધ

કે. એમ. રાજગોપાલન

તા. ૨૭/૦૯/૧૯૫૫.

[વિવિયન બોઝ, ભગવતી, જગન્નાથદાસ, બી. પી. સિન્હા અને જાફર ઈમામ જે.જે.]

ધ ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ એક્ટ, ૧૯૪૭ (૧૦ અને ૧૧ જ્યોર્જ ૬, પ્રકરણ ૩૦)– કલમ ૧૦(૨)(એ)– ધ ઈન્ડિયા (પ્રોવિઝનલ કોન્સ્ટીટ્યુશન) ઓર્ડર, ૧૯૪૭– અનુચ્છેદ ૭(૧)– સ્વતંત્રતાની બક્ષિસ– સેવાની આપોઆપ અને કાનૂની સમાપ્તિ– ભારતમાં નાગરિક હોદ્દા ધરાવતી વ્યક્તિઓ– સ્વતંત્રતા પૂર્વે– સ્વતંત્રતા પછી તેઓની નિમણૂક થયેલ હોવાનું અને સેવા ચાલુ રહેલ હોવાનું માની શકાય કે કેમ– ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫, કલમો ૨૪૦(૨) અને ૨૪૭.

સાલ ૧૯૩૬ માં ખુલ્લી સ્પર્ધા દ્વારા સામાવાળાની ઇન્ડિયન સિવિલ સર્વિસમાં ભરતી કરવામાં આવેલ હતી અને તેમણે ઓક્ટોબર ૧૯૩૭ માં મદ્રાસ પ્રાંતમાં ફરજ પર હાજર થયેલ હતા. ત્યારથી તેઓ મદ્રાસ સરકાર હેઠળ વિવિધ હોદ્દાઓ પર સેવા આપી રહ્યા હતા, જેમાં તેમનો છેલ્લો હોદ્દો દિંડીગુલના સબ–કલેક્ટર તરીકેનો હતો. તેઓ જૂન ૧૯૪૭ માં રજા પર ગયા હતા. રજા પર હતા તે દરમિયાન તેમને ભારત સરકાર તરફથી એક પત્ર મળ્યો હતો જેમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ બ્રિટિશ સરકાર તરફથી ડોમિનિયન ઓફ ઇન્ડિયાને સત્તાની જે તે સમયની વિચારાધીન સોંપણી પછી તેઓ સરકારની સેવામાં ચાલુ રહેવા ઇચ્છુક છે કે કેમ. તેમણે સેવામાં ચાલુ રહેવાની પોતાની ઇચ્છા દર્શાવતો પ્રત્યુત્તર મોકલ્યો હતો. ૯મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ તેમને મદ્રાસ સરકારના મુખ્ય સચિવ દ્વારા હસ્તાક્ષરિત તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૪૭ નો પત્ર મળ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી અને ત્યાર પછી તેમની સેવાઓ ચાલુ ન રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે, અને ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ ના બપોર પછીથી તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે.

સામાવાળાએ મદ્રાસ રાજ્ય અને યુનિયન ઓફ ઇન્ડિયા વિરુદ્ધ એવી જાહેરાત મેળવવા માટે દાવો દાખલ કર્યો હતો કે મદ્રાસ સરકારના મુખ્ય સચિવ દ્વારા તેમની સેવાઓ સમાપ્ત કરવાનો ઉદ્દેશ ધરાવતો તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૪૭ નો આદેશ રદબાતલ, શૂન્ય અને બિનઅમલી છે અને તેઓ સેવામાં ચાલુ રહ્યા હોવાનું માનવામાં આવે. હાઇકોર્ટે સામાવાળાની એ દલીલ સ્વીકારીને

માંગવામાં આવેલ જાહેરાત મંજૂર કરી હતી કે તેમની સેવા સમાપ્ત કરતો આદેશ ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૪૦ હેઠળની તેમની સેવા સંબંધિત વૈધાનિક બાંહેધરીનું ઉલ્લંઘન કરતો હતો, જે ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ ની મધ્યરાત્રિ સુધી અમલમાં રહી હતી.

ઠેરવવામાં આવ્યું કે, ૧. ભારતને સ્વતંત્રતા આપવાથી સ્વતંત્રતાની તારીખે સેવાની આપોઆપ અને કાનૂની સમાપ્તિ થઈ હતી.

રેલી વિરુદ્ધ ધ ક્રિંગ ([૧૯૩૪] એ.સી. ૧૭૬) અને નોક્સ વિરુદ્ધ ડોનકાસ્ટર અમાલ્ગમેટેડ કોલિયરીઝ લિમિટેડ ([૧૯૪૦] એ.સી. ૧૦૧૪) અનુસરવામાં આવ્યા.

૨. પરંતુ ભારતમાં અગાઉ નાગરિક હોદ્દા ધરાવતી તમામ વ્યક્તિઓને, તેમના સંબંધિત કેસોને અસર કરતા "સામાન્ય અથવા ખાસ આદેશો અથવા વ્યવસ્થાઓ" હેઠળ આવરી લેવાયેલ વ્યક્તિઓ સિવાય, નિમણૂક પામેલ હોવાનું અને તેથી સેવામાં ચાલુ રહેલ હોવાનું માનવામાં આવે છે: જુઓ ધ ઇન્ડિયા (પ્રોવિઝનલ કોન્સ્ટીટ્યુશન) ઓર્ડર, ૧૯૪૭ નો અનુચ્છેદ ૭(૧), જેને ધ ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટની કલમ ૧૦(૨)(એ) અને ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટની અનુકૂલિત કલમો ૨૪૦(૨) અને ૨૪૭ સાથે વાંચવામાં આવે.

૩. અગાઉની સેવાની શરતો વિશેની બાંહેધરી અને શિસ્તભંગના પગલાં સંબંધિત અગાઉના વૈધાનિક રક્ષણો આ રીતે સેવામાં ચાલુ હોવાનું મનાયેલ વ્યક્તિઓને લાગુ પડવાનું ચાલુ રહે છે, પરંતુ અન્ય વ્યક્તિઓને નહીં.

૪. ભારતમાં અગાઉ નાગરિક હોદ્દા ધરાવતી વ્યક્તિઓને નવી વ્યવસ્થા હેઠળ "સેવામાં ચાલુ રહેવા"નો ઇનકાર કરવાનો હક હતો અને વાસ્તવમાં તે વિકલ્પ આપવામાં આવ્યો હતો, અને જો તેઓ તે વિકલ્પનો ઉપયોગ કરે તો તેઓ બંધારણ પસાર થવાની તારીખથી સેવા આપવાનું બંધ કરતા હતા.

૫. તે જ રીતે નવી સરકારને પણ તેઓને સેવામાં ચાલુ રાખવાનો ઇનકાર કરવાનો અધિકાર હતો અને સમય પહેલાં સંબંધિત વ્યક્તિઓને આપવામાં આવેલ આ હકીકતની જાણ ૧૫–૮–૧૯૪૭ ના રોજ નવી સરકારે સત્તા સંભાળી તે ક્ષણથી અમલમાં આવી હતી અને તેની કાનૂની અસર થઈ હતી.

૬. અરજદારને જાણ કરવામાં આવી હતી કે ૧૪–૮–૧૯૪૭ પછી તેમની સેવાઓની જરૂર રહેશે નહીં, તેથી તે તારીખે તેમની સેવાઓ સમાપ્ત થઈ ગઈ હતી કારણ કે આ ધ ઇન્ડિયા (પ્રોવિઝનલ કોન્સ્ટીટ્યુશન) ઓર્ડર, ૧૯૪૭ ના અનુચ્છેદ ૭(૧) ના અર્થ હેઠળનો એક ખાસ આદેશ હતો. તે મુજબ તે આદેશની માન્ય રાખવાની જોગવાઈઓ હેઠળ તેમના કેસમાં ૧૪–૮–૧૯૪૭ પછી સેવા ચાલુ રહી ન હતી.

લાલનો કેસ (૧૯૪૮) એફ.સી.આર. ૪૪, વેસ્ટ રેન્ડ સેન્ટ્રલ ગોલ્ડ માઇનિંગ કંપની લિમિટેડ વિરુદ્ધ ધ કિંગ (૧૯૦૫) ૨ કે.બી. ૩૯૧, વિરેન્દ્ર સિંહ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય (૧૯૫૫) ૧ એસ.સી.આર. ૪૧૫, રાજ રાજેન્દ્ર માલોજીરાવ શિતોલે વિરુદ્ધ મધ્ય ભારત રાજ્ય (૧૯૫૪) એસ.સી.આર. ૭૪૮, લેડોર વિરુદ્ધ બેનેટ (૧૯૩૯) એ.સી. ૪૬૮ અને ગોવિંદન સેલ્લાપ્પાહ નાયર

કોડકન પિલ્લઈ વિરુદ્ધ પુંચી બંદા મુદાનાયકે (૧૯૫૩) એ.સી. ૫૧૪ નો સંદર્ભ લેવામાં આવ્યો.

દીવાની એપેલેટ હકૂમત: દીવાની અપીલ નં. ૨૦૩/૧૯૫૪.

મદ્રાસ હાઈકોર્ટ દ્વારા સી.એસ. નંબર ૨૧૬/૧૯૫૨ માં આપવામાં આવેલ તારીખ ૩૦મી માર્ચ ૧૯૫૪ ના ચુકાદા અને હુકમ સામેની અપીલ.

અપીલકર્તા તરફથી ભારતના એટર્ની–જનરલ એમ. સી. સેતલવાડ, મદ્રાસના એડવોકેટ–જનરલ વી. કે. ટી. ચારી (તેમની સાથે આર. ગણપતિ ઐયર, પોરસ એ. મહેતા અને પી. જી. ગોખલે).

સામાવાળા તરફથી એમ. કે. નાંબિયાર (તેમની સાથે સી. વી. એલ. નારાયણ).

૧૯૫૫. સપ્ટેમ્બર ૨૭. કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ જગન્નાથદાસ દ્વારા આપવામાં આવેલ:

આ અપીલ મદ્રાસ રાજ્ય અને યુનિયન ઓફ ઇન્ડિયા દ્વારા બંધારણના અનુચ્છેદ ૧૩૩ હેઠળ તે કોર્ટ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર પર હાઈકોર્ટના ચુકાદા અને હુકમનામા સામે કરવામાં આવેલ છે. આ અપીલ અહીંના સામાવાળા, જેઓ ઇન્ડિયન સિવિલ સર્વિસના સભ્ય હતા, તેમના દ્વારા એવી જાહેરાત મેળવવા માટે દાખલ કરવામાં આવેલ દાવામાંથી ઉદ્ભવે છે કે મદ્રાસ સરકારના મુખ્ય સચિવ દ્વારા તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ ૧૪મી

ઓગસ્ટ, ૧૯૪૭ ના બપોર પછીથી તેમની સેવાઓ સમાપ્ત કરવાનો ઉદ્દેશ ધરાવતો આદેશ શૂન્ય, રદબાતલ અને બિનઅમલી છે અને તેઓ ઈન્ડિયન સિવિલ સર્વિસમાં તેના સભ્ય તરીકે ચાલુ રહ્યા હોવાનું માનવામાં આવવું જોઈએ. આ દાવો મદ્રાસ હાઇકોર્ટની મૂળ હકૂમત સમક્ષ દાખલ કરવામાં આવ્યો હતો અને પુરાવા નોંધનાર સિંગલ જજ દ્વારા આંશિક સુનાવણી કર્યા પછી, આ કેસમાં વિચારણા માટે ઉપસ્થિત થયેલ મહત્વપૂર્ણ બંધારણીય પ્રશ્નને ધ્યાને રાખીને ત્યારબાદ બે ન્યાયાધીશોની ખંડપીઠ દ્વારા તેની સુનાવણી કરવામાં આવી હતી. ખંડપીઠે વાદીની તરફેણમાં તારણ આપીને દાવો મંજૂર કર્યો હતો અને તેથી રાજ્ય દ્વારા આ કોર્ટ સમક્ષ અપીલ કરવામાં આવી છે.

વાદીનો કેસ ટૂંકો અને સરળ છે. સાલ ૧૯૩૬ માં ખુલ્લી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા તેમની ઈન્ડિયન સિવિલ સર્વિસમાં ભરતી કરવામાં આવી હતી અને તેઓ ઓક્ટોબર, ૧૯૩૭ માં તે સમયના મદ્રાસ પ્રાંતમાં ફરજ પર જોડાયા હતા. ત્યારથી તેઓ મદ્રાસ સરકાર હેઠળ વિવિધ હોદ્દાઓ પર સેવા આપી રહ્યા હતા. તેમણે સંભાળેલ છેલ્લો હોદ્દો દિંડીગુલ ખાતે સબ–કલેક્ટર અને સંયુક્ત મેજિસ્ટ્રેટ તરીકેનો હતો. તારીખ ૨જી જૂન, ૧૯૪૭ ના રોજ તેઓ રજા પર ગયા હતા. રજા પર હતા તે દરમિયાન, તેમને ભારત સરકાર તરફથી તારીખ ૧૯મી જૂન, ૧૯૪૭ નો પત્ર મળ્યો હતો, જેમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ બ્રિટિશ સરકાર તરફથી ભારતની નવી સરકારને સત્તાની જે તે સમયની વિચારાધીન સોંપણી પછી તેઓ સરકારની સેવામાં ચાલુ રહેવા ઇચ્છુક છે કે કેમ. વાદીએ તારીખ ૨જી જુલાઈ, ૧૯૪૭ ના રોજ મદ્રાસ સરકારના મુખ્ય સચિવને

પત્ર લખીને સેવામાં ચાલુ રહેવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરતો જવાબ મોકલ્યો હતો. ૯મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ, તેમને મદ્રાસ સરકારના મુખ્ય સચિવ તરફથી તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૪૭ નો પત્ર મળ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે સત્તા પરિવર્તન પછી તેમને સેવામાં ચાલુ ન રાખવાનો સરકારે નિર્ણય કર્યો છે અને તેથી તેમની સેવાઓ ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ ના બપોર પછીથી સમાપ્ત કરવામાં આવશે. વાદીએ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ મુખ્ય સચિવને લખીને જણાવ્યું હતું કે તેમની સેવાઓની આ પ્રકારની સમાપ્તિ ગેરકાયદેસર અને અમાન્ય છે અને તેમણે આ બાબત પર પુનર્વિચારણા કરવાની અરજ કરી હતી. ત્યાર પછી તેમણે મદ્રાસ સરકાર સમક્ષ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ, ભારત સરકાર સમક્ષ ૨૨મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ અને ભારત સરકાર સમક્ષ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૪૭ ના રોજ વધુ રજૂઆતો કરી હતી. આ બધી રજૂઆતો નકારી કાઢવામાં આવી હતી. વાદીએ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૪૮ ના રોજ મદ્રાસ સરકારને વધુ એક આવેદનપત્ર મોકલ્યું હતું જેમાં તેમણે લાલના કેસમાં ફેડરલ કોર્ટના ચુકાદાનો આધાર લીધો હતો અને જણાવ્યું હતું કે તેમની સેવાઓની સમાપ્તિ કાનૂની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી હોઈ ગેરકાયદેસર હતી અને તેથી તેઓ હજુ પણ સેવામાં ચાલુ છે અને તેમણે તેમના પગારની ચુકવણીની માંગણી કરી હતી. મદ્રાસ સરકારે તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૪૯ ના પોતાના આદેશ દ્વારા આ અરજ પણ નકારી કાઢી હતી. ત્યાર પછી વાદીએ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ ભારતના બંધારણના અમલ પછી તરત જ, મદ્રાસ સરકારના તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૪૭ ના આદેશને પડકારતી રિટ

અરજી મદ્રાસ હાઇકોર્ટ સમક્ષ દાખલ કરી હતી. તે અરજીમાં ભારત સંઘને પક્ષકાર બનાવવામાં આવ્યો ન હતો. હાઇકોર્ટે બંધારણ અમલમાં આવ્યા પહેલાં પસાર થયેલા આદેશને રદ કરવા માટે બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ રિટ અરજી ચાલી શકે નહીં તેવા આધારે તે અરજી રદ કરી હતી. અપીલમાં સુપ્રિમ કોર્ટે પણ તે નિર્ણય માન્ય રાખ્યો હતો. સુનાવણી દરમિયાન પ્લેઇન્ટમાં સુધારો કરવા માટે દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૮૦ હેઠળ ઔપચારિક અરજી કરવામાં આવી હોવા છતાં, વિદ્વાન ટ્રાયલ જજે જે આદેશ રદ કરવાની માંગણી કરવામાં આવી હતી તે પસાર થયાને લાંબો સમય વીતી ગયો હોવાના આધારે અને તે સમયગાળા માટે વાદીએ પ્રોવિડન્ટ ફંડ મેળવી લીધું હોવાના આધારે તે અરજી નામંજૂર કરી હતી.

વાદીનો દાવો એ દલીલ પર આધારિત છે કે તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૪૭ ના આદેશ દ્વારા તેમની સેવાઓની સમાપ્તિ ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૪૦ હેઠળની તેમની સેવા સંબંધિત વૈધાનિક બાંહેધરીનું ઉલ્લંઘન કરે છે, જે ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ ની મધ્યરાત્રિ સુધી કાર્યરત રહી હતી, અને તેઓ લાલના કેસ(૧) પર આધાર રાખે છે. આ દાવામાં મદ્રાસ રાજ્ય અને યુનિયન ઓફ ઇન્ડિયા બંનેને પ્રતિવાદી તરીકે પક્ષકાર બનાવવામાં આવ્યા હતા અને તેમનો બચાવ મૂળભૂત રીતે સમાન હતો. તે મદ્રાસ રાજ્ય દ્વારા દાખલ કરવામાં આવેલ લેખિત જવાબના ફકરા ૬ માં જોવા મળે છે, જે નીચે મુજબ છે:

"આ પ્રતિવાદી જણાવે છે કે નિયત કરેલ દિવસ એટલે કે ૧૫મી ઓગસ્ટ,

૧૯૪૭ થી ધ ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટના અનુસંધાનમાં નવા રચાયેલા ડોમિનિયન ઓફ ઇન્ડિયાને સત્તાની સોંપણી થતાં, વાદીની સેવાની મુદત સમાપ્ત થઈ ગઈ હતી અને ત્યાર પછી સેવામાં ચાલુ રહેવાનો તેમનો કોઈ કાનૂની હક ન હતો.

વાદી માત્ર હિસ મેજેસ્ટીની મરજી હોય ત્યાં સુધી જ હોદ્દો ધરાવતા હતા. જ્યારે હિસ મેજેસ્ટીની સરકારે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી ડોમિનિયન ઓફ ઇન્ડિયાને પોતાની સત્તા સોંપવાનો નિર્ણય કર્યો, ત્યારે સેક્રેટરી ઓફ સ્ટેટ સાથેના કરાર હેઠળની વાદીની કારકિર્દી ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી કાનૂની રીતે સમાપ્ત થઈ ગઈ હતી. તેથી, મદ્રાસ સરકાર દ્વારા કોઈ સમાપ્તિ કરવામાં આવી હતી અને સદર સરકાર દ્વારા પસાર કરાયેલ આદેશમાં કાયદેસરતાનો સંપૂર્ણ અભાવ હતો તેમ કહેવું યોગ્ય નથી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે વાદીની સેવાઓની કથિત સમાપ્તિ માત્ર ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી જ હતી, અને તે તારીખે ભારત સરકારની સૂચનાઓ અનુસાર કાર્ય કરતી મદ્રાસ પ્રાંતની સરકાર વાદી દ્વારા સેવામાં ચાલુ રહેવા માટે કરવામાં આવેલ રજૂઆત સ્વીકારવાનો ઇનકાર કરવા સક્ષમ હતી".

એસ્ટોપલ વગેરે જેવી અન્ય ગૌણ દલીલો પણ હતી, જેની આ તબક્કે નોંધ લેવી બિનજરૂરી છે. હાઇકોર્ટે રાજ્યના બચાવને નકારી કાઢ્યો હતો અને વાદીની દલીલ સ્વીકારીને તેમણે માંગેલ જાહેરાત મંજૂર કરી હતી.

રાજ્ય તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એટર્ની–જનરલની અમારી સમક્ષ મુખ્ય દલીલ એ છે કે વાદીએ કાનૂની સ્થિતિ સમજવામાં ભૂલ કરી છે, આ કેસમાં જે બન્યું તે વાદીની સેવાઓની સમાપ્તિનો એવો કોઈ સ્વેચ્છાચારી આદેશ ન હતો જે ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૪૦ ના વ્યાપ હેઠળ આવતો હોય અને જેની માન્યતા તે કલમના સંદર્ભમાં ચકાસવાને પાત્ર હોય. તેમના જણાવ્યા મુજબ, ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી અમલમાં આવેલા રાજકીય પરિવર્તનોએ કાયદાની દ્રષ્ટિએ વાદીની સ્થિતિ ધરાવતી તમામ વ્યક્તિઓની સેવાઓ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી સમાપ્ત કરી દીધી હતી; તે પરિસ્થિતિમાં ભારતની નવી ડોમિનિયન સરકાર અથવા વિવિધ પ્રાંતોની સરકારો માટે આવી વ્યક્તિઓને તેમની સંબંધિત સેવાઓમાં ચાલુ રહેવા માટે આમંત્રિત કરવા અથવા તેઓની હવે જરૂર નથી તેવી જાણ કરવા માટેનો વિકલ્પ ખુલ્લો હતો; અને આ વિકલ્પના ઉપયોગમાં જ મદ્રાસ સરકારે તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ વાદીને અગાઉથી જાણ કરી હતી કે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી તેમને સેવામાં ચાલુ રાખવામાં આવશે નહીં. તેથી, અમારા નિર્ણય માટેનો મૂળભૂત પ્રશ્ન એ છે કે વિદ્વાન એટર્ની–જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલ આ દલીલ સાચી છે કે કેમ. અહીં એ ઉલ્લેખ કરી શકાય કે, તેમના ચુકાદાઓ પરથી જણાય છે તેમ, હાઇકોર્ટના વિદ્વાન ન્યાયાધીશો એવી છાપ હેઠળ હોવાનું જણાય છે કે મદ્રાસના વિદ્વાન એડવોકેટ–જનરલ દ્વારા તેમની સમક્ષ દલીલો દરમિયાન સેવાઓની આપોઆપ સમાપ્તિનો આ બચાવ છોડી દેવામાં આવ્યો હતો. આ છાપ ભૂલભરેલી જણાય છે. ગમે તે સંજોગોમાં, આ પ્રશ્ન સંપૂર્ણપણે કાયદાનો પ્રશ્ન

હોઈ અને નોંધપાત્ર મહત્વ ધરાવતો હોવાથી, અમારી પરવાનગીથી અમારી સમક્ષ તે પુનઃ ઉપસ્થિત કરવા સામે કોઈ અવરોધ નથી.

વિદ્વાન એટર્ની–જનરલે આવી સેવાઓની આપોઆપ સમાપ્તિ અંગેની પોતાની દલીલ ત્રણ કારણો પર આધારિત રાખી છે:

(૧) ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ અમલમાં આવેલા રાજકીય પરિવર્તનના પરિણામે ભારતના એક નવા સાર્વભૌમ રાજ્યનું નિર્માણ થયું અને આવા સાર્વભૌમ રાજ્યના નિર્માણ પર, પૂર્વ સરકાર હેઠળની સેવાના અગાઉના કરારો આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ આપોઆપ સમાપ્ત થઈ ગયા.

(૨) સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા અને વાદી વચ્ચેનો કરાર સેવાનો કરાર હોવાથી, સેક્રેટરી ઓફ સ્ટેટનું તે હોદ્દા પરનું અસ્તિત્વ બંધ થતાં અને કરારનું પાલન કરવાનું અશક્ય બનતાં તે કરાર આપોઆપ સમાપ્ત થઈ ગયો.

(૩) ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી અમલમાં આવેલા વૈધાનિક ફેરફારોએ પોતે જ આવી સેવાઓની સમાપ્તિ લાવી દીધી હતી અને વૈધાનિક જોગવાઈઓએ વાદીની સેવાની સાતત્યતા જાળવી ન હતી.

ઉપરોક્ત દલીલોને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે, રાજકીય પરિવર્તનો તરફ દોરી જતી વિવિધ ઘટનાઓ અને સેવાઓને લગતી વૈધાનિક જોગવાઈઓની નોંધ લેવી જરૂરી છે. સેવાઓ માટેના વળતર અંગે વાઇસરોય (લોર્ડ માઉન્ટબેટન) દ્વારા તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૪૭ ના રોજ કરવામાં આવેલ

જાહેરાત તરફ પાછા જવું જરૂરી છે. "સેક્રેટરી ઓફ સ્ટેટની સેવાઓ અને ભારતીય નૌકાદળ તથા લશ્કરી દળોના નિયમિત બ્રિટિશ અધિકારીઓ માટેના વળતર" શીર્ષક હેઠળની આ જાહેરાતમાં અન્ય બાબતો સાથે નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "૧. હિસ મેજેસ્ટીની સરકારે પોતાનો એવો ઇરાદો જાહેર કર્યો છે કે ભારતમાં બ્રિટિશ સરકારની સત્તા જૂન, ૧૯૪૮ ના મધ્ય સુધીમાં ભારતીય હાથોમાં અંતિમ રીતે સોંપવામાં આવશે. તે સત્તા સોંપણી શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે થાય તથા ગ્રેટ બ્રિટન સાથે સારા સંબંધોની સ્થાપના અને જાળવણીને પ્રોત્સાહન આપે તે સુનિશ્ચિત કરવા માટે તેઓ સંપૂર્ણપણે સંકલ્પબદ્ધ છે. હિસ મેજેસ્ટીની સરકારને વિશ્વાસ છે કે દરેક વ્યક્તિ કે જેમને આ સમયગાળા દરમિયાન ભારત સરકાર અને પ્રાંતોની સેવા કરવાનો વિશેષાધિકાર મળ્યો છે, તેઓ આ આહવાનને પૂર્ણ નિષ્ઠાથી પ્રતિસાદ આપશે.
>
> ૨. સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા સાથે કરાર અથવા અન્ય પ્રકારના કરાર હેઠળ સેવા આપતા અથવા હિસ મેજેસ્ટી ધ કિંગ પાસેથી કમિશન ધરાવતા અધિકારીઓ માટે, સત્તાની સોંપણી અનિવાર્યપણે તેમની સેવાઓ અને કારકિર્દીની મુદતની વહેલી સમાપ્તિ લાવશે જેને બ્રિટિશ સંસદ દ્વારા સંરક્ષિત કરવામાં આવી હતી. હિસ મેજેસ્ટીની સરકાર સ્વીકારે છે કે આવા અધિકારીઓ તેમની કારકિર્દીના અકાળે અંત આવવાના કારણે

વળતર મેળવવા માટે ન્યાયી દાવો ધરાવે છે અને તેમની તથા તેમના પર નિર્ભર વ્યક્તિઓની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ.

૩. ભારત સરકાર સ્વાભાવિક રીતે અને વાજબી રીતે અત્યંત ચિંતિત છે અને હિસ મેજેસ્ટીની સરકાર તેમની આ ચિંતામાં સહમત છે કે અનુભવી અધિકારીઓની ખોટથી વહીવટ ખોરવાઈ ન જવો જોઈએ. તેથી ભારત સરકારે તમામ ભારતીય અધિકારીઓને આશ્વાસન આપ્યું છે કે તેઓ નવી સરકાર હેઠળ તેમની સેવાઓ ચાલુ રાખે તેવી દિલથી ઇચ્છા રાખે છે અને જે અધિકારીઓ તેમ કરશે તેઓને તેમના હાલના પગાર, પેન્શન અધિકારો અને સેવાની સામાન્ય શરતોની બાંહેધરી આપવામાં આવશે. આ ઉપરાંત, પ્રાંતીય સરકારો પણ પ્રાંતીય સેવાઓમાં જોડાવા માટે તૈયાર હોય તેવા અધિકારીઓને સમાન બાંહેધરીઓ આપવા માટે તૈયાર છે.

૪. ભારત સરકાર સ્વીકારે છે કે સેક્રેટરી ઓફ સ્ટેટની સેવાઓના કેટલાક ભારતીય સભ્યો નવી પરિસ્થિતિઓ હેઠળ તેમની સંભાવનાઓ વિશે વાસ્તવિક રીતે ચિંતિત હોઈ શકે છે. જો કે ભારત સરકાર માને છે કે મોટાભાગના ભારતીય અધિકારીઓ સેવામાં ચાલુ રહેવાની ઇચ્છા રાખશે, તેમ છતાં તેઓ સ્વીકારે છે કે અનિવાર્ય સંજોગોના કારણે કેટલાક અધિકારીઓ માટે ચાલુ રહેવું શક્ય ન બને, અને તેથી જે અધિકારીઓ સેવા ચાલુ રાખવા માટે આમંત્રિત કરવામાં આવતા નથી, અથવા જેઓ ગવર્નર-જનરલને સંતોષ થાય તે રીતે દર્શાવી શકે છે કે તેઓના

ભૂતકાળના વલણના કારણે તેઓની સ્થિતિ પૂર્વગ્રહયુક્ત બની છે, તેઓને પણ યુરોપિયન અધિકારીઓની જેમ જ વળતર મેળવવાનો હક રહેશે".

૫. ભારત સરકાર સંમત થાય છે કે આ સેવાઓના એવા ભારતીય અધિકારીઓને વળતર ચૂકવવાપાત્ર હોવું જોઈએ જેઓ–

(૧) સત્તા પરિવર્તન પછી ભારત સરકાર હેઠળ સેવા આપવાનું ચાલુ રાખવા માટે આમંત્રિત કરવામાં આવ્યા નથી; અથવા

(૨) ગવર્નર–જનરલને સંતોષ થાય તે રીતે સાબિત કરી શકે કે સત્તા પરિવર્તન પૂર્વે ભારતમાં તેમની સેવા દરમિયાન ફરજના ભાગરૂપે તેમણે લીધેલા પગલાં એવા પ્રકારના હતા કે જેના કારણે તેઓને ભૂતકાળમાં બ્રિટિશ સરકાર તરફથી જે ટેકો મળતો હતો તે ભવિષ્યની ભારત સરકાર તરફથી ન મળવાના પરિણામે તેમની સ્થિતિ પૂર્વગ્રહયુક્ત બનવાની સંભાવના છે; અથવા

(૩) ગવર્નર–જનરલને સંતોષ થાય તે રીતે દર્શાવી શકે કે જે પ્રાંતમાં તેઓ સેવા આપી રહ્યા છે ત્યાં તેમના ભવિષ્ય અંગે ચિંતાનું વાજબી કારણ છે અને યોગ્ય બદલીની વ્યવસ્થા થઈ શકે તેમ નથી.

પરંતુ ભારત સરકાર માને છે કે દેશભક્તિની લાગણી ભારતીય અધિકારીઓને સ્વાભાવિક રીતે જ પોતાના દેશની સેવા ચાલુ રાખવા માટે

પ્રેરિત કરશે અને તેઓ કોઈપણ સંજોગોમાં સેવામાં ચાલુ રહેવાની ખાતરી રાખે છે. તેથી, તેઓ અગાઉ જણાવ્યા મુજબ ભારતીય અધિકારીઓને વ્યાપક બાંહેધરીઓ આપવા માટે તૈયાર છે. આ સંજોગોમાં ભારત સરકારને ખાતરી છે કે ભારતીય અધિકારીઓ સામાન્ય વળતર યોજનાની અપેક્ષા રાખશે નહીં.

૬. હિસ મેજેસ્ટીની સરકાર સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી રહી છે. ભારત સરકારે ભારતીય અધિકારીઓને આપેલ બાંહેધરીની તેઓએ નોંધ લીધી છે અને તેઓ સમગ્રપણે સ્વીકારે છે કે આ ખાસ કેસો સિવાય ભારતીય અધિકારીઓને વળતર ચૂકવવા માટે કોઈ વાજબીપણું નથી. તેથી ભારત સરકાર દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો સાથે તેઓ સંપૂર્ણપણે સહમત છે.

૭. આ અપવાદો સાથે મને હવે હિસ મેજેસ્ટીની સરકાર દ્વારા સેક્રેટરી ઓફ સ્ટેટની સેવાઓના સભ્યોને જાણ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યો છે કે તેઓ સ્વીકારે છે કે સત્તા પરિવર્તનના પરિણામે તેમની કારકિર્દીના અંત માટે યોગ્ય વળતર ચૂકવવાની જવાબદારી તેમની છે....."

આ જાહેરાત બહાર પાડવામાં આવ્યા પછી, હિસ મેજેસ્ટીની સરકારે વિવિધ રાજકીય કારણોસર સત્તા સોંપણીની તારીખ આગળ લાવવાનો નિર્ણય કર્યો અને સત્તાની વહેલી સોંપણી લાવવા માટે પ્રસ્તાવિત વિવિધ પગલાંઓની વિગતો આપતી તારીખ ૩જી જૂન, ૧૯૪૭ ના રોજ એક જાહેરાત કરી. તે જાહેરાતનો ફકરો

૨૦ નીચે મુજબ હતો:

> "મુખ્ય રાજકીય પક્ષોએ વારંવાર પોતાની એવી ઈચ્છા ભારપૂર્વક વ્યક્ત કરી છે કે ભારતમાં શક્ય તેટલી વહેલી તકે સત્તાની સોંપણી થવી જોઈએ. આ ઈચ્છા પ્રત્યે હિસ મેજેસ્ટીની સરકાર સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવે છે, અને તેઓ વધુ વહેલી તારીખે એક સ્વતંત્ર ભારતીય સરકાર અથવા સરકારોની સ્થાપના કરીને સત્તા સોંપવા માટે જૂન, ૧૯૪૮ ની તારીખ વહેલી લાવવા તૈયાર છે. તે મુજબ, આ ઈચ્છાને સંતોષવા માટેના સૌથી ઝડપી અને વાસ્તવમાં એકમાત્ર વ્યવહારુ માર્ગ તરીકે, હિસ મેજેસ્ટીની સરકાર આ જાહેરાતના પરિણામે લેવાયેલા નિર્ણયો અનુસાર એક અથવા બે ઉત્તરાધિકારી સત્તાતંત્રોને ડોમિનિયન સ્ટેટસના આધારે આ વર્ષે સત્તા સોંપવા માટે વર્તમાન સત્ર દરમિયાન કાયદો રજૂ કરવાનો પ્રસ્તાવ મૂકે છે. ભારતીય બંધારણ સભાઓ જે વિસ્તાર પર સત્તા ધરાવતી હોય તે વિસ્તાર બ્રિટિશ કોમનવેલ્થમાં રહેશે કે કેમ તે યોગ્ય સમયે નક્કી કરવાના તેમના અધિકારને આનાથી કોઈ પૂર્વગ્રહ થશે નહીં".

આ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ, તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૪૭ ના રોજ ધ ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. તે હેઠળ ગવર્નર–જનરલમાં નિહિત થયેલી સત્તા અનુસાર તેમના દ્વારા અનેક વૈધાનિક આદેશો પસાર કરવામાં આવ્યા હતા. ધ ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ એક્ટની સંબંધિત જોગવાઈઓ તેમજ કેટલાક વૈધાનિક આદેશોની હવે પછી નોંધ લેવામાં આવશે.

પરંતુ સત્તા પરિવર્તનને ઝડપી બનાવવા માટે તારીખ ૩જી જૂન, ૧૯૪૭ ના રોજ જાહેર કરાયેલ યોજનાના અનુસંધાનમાં, આપણે જે સેવાની ચર્ચા કરી રહ્યા છીએ તે સંબંધિત સરકાર દ્વારા લેવાયેલા આગળના પગલાંઓ જણાવવા આ તબક્કે અનુકૂળ રહેશે. ૩જી જૂન, ૧૯૪૭ થી આશરે બે અઠવાડિયામાં, એટલે કે ૧૮મી જૂન, ૧૯૪૭ ના રોજ, ભારત સરકારે તમામ પ્રાંતીય સરકારોના મુખ્ય સચિવોને એક પરિપત્ર પત્ર પાઠવ્યો હતો, જેમાં અન્ય બાબતો સાથે નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "હિત મેજેસ્ટીની સરકારની તાજેતરની જાહેરાત (તારીખ ૩જી જૂન, ૧૯૪૭) ને ધ્યાને રાખીને, પ્રાંતીય સરકારો પાસેથી સેક્રેટરી ઓફ સ્ટેટની સેવાઓના યુરોપિયન અથવા ભારતીય અધિકારીઓ પૈકીના કોઈપણ અથવા તમામ અધિકારીઓને સેવામાં ચાલુ રાખવા માટે તેઓ આમંત્રિત કરવા માંગે છે કે કેમ તે અંગેનો તાત્કાલિક નિર્ણય મેળવવો અનિવાર્ય છે. અધિકારીઓને આપવામાં આવેલા વિકલ્પોમાંથી તેઓ કયો વિકલ્પ પસંદ કરે છે તેની પ્રાંતીય સરકારો રાહ જોઈ શકે નહીં, કારણ કે જો કોઈ અધિકારી સેવામાં ચાલુ રહેવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે તો પણ પ્રાંતીય સરકાર તેને સેવામાં ચાલુ રાખવા માટે તૈયાર ન પણ હોય. તેવી જ રીતે, પ્રાંતીય સરકારોએ એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે તેઓ કયા અધિકારીઓને સેવામાં ચાલુ રાખવા માંગે છે જેથી અધિકારીઓ પોતાના ભવિષ્ય વિશે યોગ્ય નિર્ણય લઈ શકે".

તે મુજબ મુખ્ય સચિવોને "પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલ કોઈપણ સેવામાં સમાવિષ્ટ અને પ્રાંતીય સરકાર હેઠળ સેવા આપતા દરેક અધિકારીને, સંબંધિત અધિકારીઓને ઉદ્દેશીને ભારત સરકાર તરફથી મોકલવામાં આવેલ બિડાણ પત્રની નકલ તાત્કાલિક મોકલવાની અને તે અધિકારીઓના જવાબો મેળવીને શક્ય તેટલી વહેલી તકે ભારત સરકારને મોકલી આપવાની" વ્યવસ્થા કરવા જણાવવામાં આવ્યું હતું. ભારત સરકાર તરફથી મુખ્ય સચિવોને મોકલેલા પત્રમાં વધુમાં તેઓને એ જણાવવા પણ કહેવામાં આવ્યું હતું કે સેવામાં ચાલુ રહેવાની ઇચ્છા વ્યક્ત કરનાર દરેક અધિકારીના સંદર્ભમાં, અધિકારીની સેવામાં રહેવાની ઇચ્છા હોવા છતાં, કોઈપણ કારણસર તેઓ તેને સેવામાં ચાલુ ન રાખવાનું પસંદ કરશે કે કેમ, અને નિર્દેશ કર્યો હતો કે બીજા કિસ્સામાં પ્રાંતીય સરકારે વળતર ચૂકવવાની જવાબદારી વહોરવી પડશે. આ સૂચનાઓના અનુસંધાનમાં સંબંધિત અધિકારીઓને વ્યક્તિગત પત્રો મોકલવામાં આવ્યા હોવાનું જણાય છે અને જવાબો મેળવવામાં આવ્યા હતા, અને સત્તા પરિવર્તન પછી વિવિધ સરકારો જે અધિકારીઓને સેવામાં ચાલુ રાખવા તૈયાર ન હતી તે અધિકારીઓના સંદર્ભમાં જરૂરી આદેશો પસાર કરવામાં આવ્યા હતા. અહીં થોભીને જોતાં જણાશે કે તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૪૭ ની વાઇસરોયની જાહેરાત અને તારીખ ૧૮મી જૂન, ૧૯૪૭ ના રોજ ભારત સરકાર દ્વારા મુખ્ય સચિવોને જારી કરવામાં આવેલ પરિપત્ર પત્ર, તેમજ તે જ તારીખે ભારત સરકારના અધિકાર હેઠળ તે અધિકારીઓને સેવામાં ચાલુ રહેવાની તેમની ઇચ્છા છે કે કેમ તે અંગે માહિતી માંગતા જારી કરાયેલા વ્યક્તિગત પત્રો, તે તમામ તેમાં સ્પષ્ટપણે જણાવેલી

અથવા નિર્દેશિત કરેલી ધારણાઓ પર આધારિત હતા, (૧) સત્તા પરિવર્તનથી સેવાઓની આપોઆપ અકાળે સમાપ્તિ થાય છે, (૨) આવી સમાપ્તિ પર, સંબંધિત કર્મચારી માટે નવી સરકારની સેવામાં ચાલુ રહેવાનો ઇનકાર કરવો અથવા પોતાની સેવાઓ ચાલુ રાખવાની રજૂઆત કરવી તેવો વિકલ્પ ખુલ્લો રહેશે, અને (૩) જો વ્યક્તિગત કર્મચારી સેવામાં ચાલુ રહેવાની પોતાની ઇચ્છા દર્શાવે, તો સરકાર માટે તે રજૂઆત સ્વીકારવી કે ન સ્વીકારવી તે વિકલ્પ ઉપલબ્ધ હતો. આમ, સેવા ચાલુ રાખવાનું માત્ર એવા અગાઉના સનદી કર્મચારીઓ પૂરતું જ વિચારવામાં આવ્યું હતું કે જેઓ ચાલુ રહેવા ઇચ્છુક હતા, અને જેમની સેવા ચાલુ રાખવા માટે નવી સરકારો આમંત્રિત કરવા કે સ્વીકારવા તૈયાર હતી. ભારત સરકાર અને પ્રાંતીય સરકારો આ પરિસ્થિતિની આ સમજણ પર આગળ વધી હતી તે હકીકત વાદી દ્વારા પોતે પોતાની જુબાનીમાં પણ મૂળભૂત રીતે સ્વીકારવામાં આવી છે અને તે હકીકત પરથી પણ સ્પષ્ટ થાય છે કે તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૪૭ ની વાઇસરોયની જાહેરાતની નકલ ભારત સરકાર દ્વારા દરેક અધિકારીને મોકલવામાં આવેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૪૭ ના વ્યક્તિગત પત્રો સાથે બિડેલી હોવાનું જણાય છે. વાદીએ પોતે મદ્રાસ સરકારના મુખ્ય સચિવને લખેલા તારીખ ૨જી જુલાઈ, ૧૯૪૭ ના પોતાના પત્રમાં નીચે મુજબ લખ્યું હતું:

> "મને આપનું મેમોરેન્ડમ નંબર ૨૭૩૮/૧૯૪૭-૪, પબ્લિક (સ્પેશિયલ) ડિપાર્ટમેન્ટ, તારીખ ૫મી જૂન, ૧૯૪૭ મળેલ છે, જેની સાથે નામદાર વાઇસરોયની જાહેરાત બિડેલી છે. હું જણાવવા માંગુ છું કે હું

મદ્રાસ સરકારની સેવા કરવાનું ચાલુ રાખવા ઇચ્છું છું અને હું અન્ય કોઈ પ્રાંતમાં બદલી ઇચ્છતો નથી". (તારીખ પમી જૂન, ૧૯૭૭ નો ઉલ્લેખ કદાચ એક ભૂલ છે કારણ કે પ્લેઇન્ટમાં સ્પષ્ટપણે સ્વીકારવામાં આવ્યું છે કે વાદીએ તારીખ ૧૮મી જૂન, ૧૯૭૭ ના પત્રના જવાબમાં સેવામાં ચાલુ રહેવાની પોતાની ઇચ્છા દર્શાવી હતી.)

વાદીના વ્યક્તિગત કેસના સંદર્ભમાં ઘટનાક્રમ પૂર્ણ કરવા માટે, આગળની હકીકતો જણાવી શકાય. વાદી તરફથી તારીખ ૨જી જુલાઈ, ૧૯૭૭ નો આ જવાબ મળ્યા પછી, મદ્રાસ સરકારના મુખ્ય સચિવે તેમને તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૭૭ નો પત્ર નીચે મુજબ લખ્યો હતો:

"મારે જણાવવાનું છે કે સત્તા પરિવર્તન પછી સેવામાં ચાલુ રહેવાનો વિકલ્પ પસંદ કરતો ટાંકેલા પત્રના સંદર્ભમાં આપનો જવાબ મળ્યો છે, સરકારે ૧૫મી ઓગસ્ટ, ૧૯૭૭ પછી આપને સેવામાં ચાલુ ન રાખવાનો નિર્ણય કર્યો છે. આપની સેવાઓ ૧૪મી ઓગસ્ટ, ૧૯૭૭ ના બપોર પછીથી સમાપ્ત કરવામાં આવશે અને આપ જે રજા (રજા લંબાવવા) માટે પાત્ર છો તે માટે અરજ કરી શકો છો. આપને યોગ્ય સમયે એક ઔપચારિક પત્ર પાઠવવામાં આવશે. મારે ખેદ વ્યક્ત કરવાનો છે કે આપના કેસમાં આ નિર્ણય ૧૪મી ઓગસ્ટ, ૧૯૭૭ ના બપોર પછીથી અમલમાં આવશે".

આ સ્પષ્ટપણે એક અગાઉથી આપવામાં આવેલી જાણ છે કે વાદીની સેવાઓની સમાપ્તિ જે ક્ષણે સત્તા પરિવર્તન અમલમાં આવે, એટલે કે ૧૪મી/૧૫મી

ઓગસ્ટ, ૧૯૪૭ ની મધ્યરાત્રિએ કાર્યરત થશે. ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ ના બપોર પછી સમાપ્તિનો ઉલ્લેખ સ્પષ્ટપણે સત્તાવાર પ્રથાના કારણે કરવામાં આવ્યો હતો કે જે વ્યક્તિ ચોક્કસ દિવસના બપોર પછી પોતાના હોદ્દાનો હવાલો સોંપે છે, તે સેવામાં ચાલુ રહે છે અને તે દિવસ માટેનો પગાર મેળવે છે. (જુઓ ફંડામેન્ટલ રૂલ્સ, ત્રીજી આવૃત્તિના પાના ૧૬૩ પરની ઓડિટ સૂચના (૧)). મદ્રાસ સરકારના મુખ્ય સચિવ દ્વારા તારીખ ૮મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ અંડર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા, ઇન્ડિયા ઓફિસ, લંડનને તરત જ એક પત્ર લખવામાં આવ્યો હતો, અને તેની એક નકલ વાદીને મોકલવામાં આવી હતી. તે પત્ર નીચે મુજબ છે:

> "મને એ જણાવવાનો નિર્દેશ થયો છે કે શ્રી કે. એમ. રાજગોપાલન, આઈ.સી.એસ. તારીખ ૩જી જૂન, ૧૯૪૭ ના રોજ ત્રણ મહિનાની રજા પર ગયા હતા, અને સત્તા પરિવર્તન પછી તેઓ ભારતમાં સરકારની સેવામાં ચાલુ રહેવાના ન હોવાથી, તેઓ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી સંજોગો અનુસાર વળતર અથવા પુનર્વસન અનુદાન મેળવવા માટે હકદાર બનશે".

તારીખ ૮મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ એક ઔપચારિક સરકારી હુકમ નંબર ૩૭૭ પસાર કરવામાં આવ્યો હતો, જે નીચે મુજબ છે:

> "શ્રી કે. એમ. રાજગોપાલન, આઈ.સી.એસ. તારીખ ૩જી જૂન, ૧૯૪૭ ના રોજ ત્રણ મહિનાની રજા પર ગયા હતા, અને સત્તા પરિવર્તન પછી

તેઓ ભારત સરકારની સેવામાં ચાલુ રહેવાના ન હોવાથી, તેઓ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી સંજોગો અનુસાર વળતર અથવા પુનર્વસન અનુદાન મેળવવા માટે હકદાર બનશે".

આ હુકમ તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૪૭ ના ફોર્ટ સેન્ટ જ્યોર્જ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. સંભવતઃ આ હુકમ (અન્ય સમાન હુકમો સાથે) ભારત સરકારને પણ મોકલવામાં આવ્યો હતો અને ભારત સરકારે તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ મદ્રાસ સરકારને નીચે મુજબનો ટેલિગ્રામ મોકલ્યો હતો:

"..... ૧૪મીની બપોરે રાજગોપાલનની સેવાઓ સમાપ્ત કરવાની આપની દરખાસ્ત સામે કોઈ વાંધો નથી".

તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૪૭ ના રોજ, મદ્રાસ સરકારે વાદી માટે વળતર તરીકે ૪,૫૦૦ પાઉન્ડની ચુકવણી મંજૂર કરતો જી.ઓ. પસાર કર્યો હતો અને એકાઉન્ટન્ટ–જનરલ દ્વારા તેની ચુકવણી કરવાનો આદેશ આપ્યો હતો. આ વળતર વાદી દ્વારા એપ્રિલ, ૧૯૫૦ માં ઉપાડી લેવામાં આવ્યું હતું. આ પૃષ્ઠભૂમિના પ્રકાશમાં હવે વિવિધ વૈધાનિક જોગવાઈઓની નોંધ લેવી જરૂરી છે કે જેણે રાજકીય પરિવર્તન લાવ્યું હતું અને ખાસ કરીને તે જોગવાઈઓ કે જે સેવાઓ સાથે સંબંધિત છે.

હિત મેજેસ્ટીની સરકારની તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૪૭ અને ૩જી જૂન, ૧૯૪૭ ની જાહેરાતો અનુસાર બ્રિટિશ સરકાર તરફથી ભારતના ડોમિનિયન

સરકારને સત્તા સોંપણી લાવનાર સાધન બ્રિટિશ સંસદ દ્વારા પસાર કરવામાં આવેલ ધ ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટ, ૧૯૪૭ (૧૦ અને ૧૧ જ્યોર્જ ૬, પ્રકરણ ૩૦) છે, જે ૧૮મી જુલાઈ, ૧૯૪૭ ના રોજ કાયદો બન્યો હતો. તેની પ્રસ્તાવના નીચે મુજબ છે:

> "ભારતમાં બે સ્વતંત્ર ડોમિનિયનની સ્થાપના કરવા માટે જોગવાઈ કરવા, તે ડોમિનિયનોની બહાર લાગુ પડતી ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કેટલીક જોગવાઈઓના સ્થાને અન્ય જોગવાઈઓ દાખલ કરવા અને તે ડોમિનિયનોની સ્થાપનાના પરિણામરૂપ અથવા તેની સાથે સંકળાયેલી અન્ય બાબતો માટે જોગવાઈ કરવાનો અધિનિયમ".

સદર એક્ટની કલમ ૧ દ્વારા ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી ભારતમાં અનુક્રમે ભારત અને પાકિસ્તાન તરીકે ઓળખાતા બે સ્વતંત્ર ડોમિનિયનની સ્થાપના કરવાની હતી, જેમાં તેની કલમો ૨, ૩ અને ૪ માં નિર્દેશિત કર્યા મુજબ દરેકને પ્રદેશો ફાળવવામાં આવ્યા હતા. કલમ ૫ હેઠળ, હિસ મેજેસ્ટી દ્વારા દરેક ડોમિનિયન માટે એક ગવર્નર–જનરલની નિમણૂક કરવાની હતી જેઓ ડોમિનિયનના શાસનના હેતુઓ માટે હિસ મેજેસ્ટીનું પ્રતિનિધિત્વ કરવાના હતા. કલમ ૬ દ્વારા એવી જોગવાઈ કરવામાં આવી હતી કે દરેક નવા ડોમિનિયનના વિધાનમંડળને તે ડોમિનિયન માટે કાયદા બનાવવાની સંપૂર્ણ સત્તા રહેશે, જેમાં રાજ્યક્ષેત્રાતીત અમલ ધરાવતા કાયદાઓ અને ઇંગ્લેન્ડના કાયદા અથવા સંસદના કોઈપણ વર્તમાન કે ભવિષ્યના એક્ટની જોગવાઈઓ સાથે કોઈપણ

વિસંગતતા હોવા છતાં માન્ય ગણાય તેવા કાયદાઓનો સમાવેશ થાય છે. એવી જોગવાઈ પણ કરવામાં આવી હતી કે વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓને મંજૂરી ગવર્નર-જનરલ દ્વારા હિસ મેજેસ્ટીના નામે આપવાની રહેશે, જેમાં હિસ મેજેસ્ટી દ્વારા અસ્વીકાર કરવાની કોઈ સત્તા રહેશે નહીં અને હિસ મેજેસ્ટીની મરજી જાણવા માટે કાયદા અનામત રાખવાની કોઈ સત્તા રહેશે નહીં. કલમ ૭ દ્વારા ખાસ જોગવાઈ કરવામાં આવી હતી કે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી યુનાઇટેડ કિંગડમમાં હિસ મેજેસ્ટીની સરકાર તે દિવસની તરત જ પહેલાં બ્રિટિશ ભારતમાં સમાવિષ્ટ કોઈપણ પ્રદેશોના શાસન સંબંધમાં કોઈ જવાબદારી ધરાવશે નહીં. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ થી જ્યાં સુધી બંને ડોમિનિયન પોતાનું સ્વતંત્ર બંધારણ તૈયાર ન કરે ત્યાં સુધી દરેક નવા ડોમિનિયનના શાસન અંગેની કામચલાઉ જોગવાઈઓ કલમો ૮ અને ૯ દ્વારા કરવામાં આવી હતી. કલમ ૮(૧) દ્વારા ભારત અને પાકિસ્તાનની સંબંધિત બંધારણ સભાઓ કે જે અગાઉથી અસ્તિત્વમાં આવી ચૂકી હતી અને દરેક ડોમિનિયન માટે નવું બંધારણ તૈયાર કરવાના હેતુથી કાર્યરત હતી, જેમાં પ્રથમ મે, ૧૯૪૬ ના કેબિનેટ મિશન પ્લાનના આધારે અને બીજી ૩જી જૂન, ૧૯૪૭ ની હિસ મેજેસ્ટીની સરકારની જાહેરાતના આધારે અસ્તિત્વમાં આવી હતી, તેઓને દરેક ડોમિનિયન માટે વચગાળાના વિધાનમંડળ તરીકે માન્યતા આપવામાં આવી હતી. કલમ ૮(૨) દ્વારા ગવર્નર-જનરલ દ્વારા કરવામાં આવનાર ફેરફારો અને અનુકૂલનો સાથે તથા વચગાળાના વિધાનમંડળ તરીકે કાર્ય કરતી બંધારણ સભા દ્વારા કરવામાં આવનાર અન્ય કોઈપણ જોગવાઈ અથવા ફેરફારને આધીન રહીને, અગાઉથી

અસ્તિત્વમાં રહેલ ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ અમલમાં ચાલુ રહેવાનો હતો. એક્ટની કલમ ૯ દ્વારા, ધ ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ એક્ટની જોગવાઈઓને અમલમાં લાવવા માટે અને બ્રિટિશ સરકાર તરફથી ડોમિનિયનોને સત્તાના પરિવર્તન સંબંધમાં ઉદ્ભવતી મુશ્કેલીઓ દૂર કરવા માટે તથા વચગાળાના સમયગાળા દરમિયાન ગવર્નર–જનરલ ઈન કાઉન્સિલનું કામકાજ ચલાવવા માટે ગવર્નર–જનરલને વિવિધ અને વ્યાપક સત્તાઓ આપવામાં આવી હતી. ખાસ જોગવાઈ કરવામાં આવી હતી કે આ સંબંધમાં ગવર્નર–જનરલની સત્તા ૩જી જૂન, ૧૯૪૭ થી પશ્ચાતવર્તી અસર ધરાવશે.

